# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

********************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, “સ્વાવલંબી, સ્વાભિમાની, સ્વતંત્ર અને સશક્ત મહિલાઓના આધારે વિકસિત ભારતનું નિર્માણ થઈ શકશે.”

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આજે ભારત મહિલાઓની આગેવાની હેઠળનાં વિકાસનાં માર્ગે ચાલી રહ્યું છે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાત પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

4) ગુજરાત, કેરળ અને માહેમાં આવતીકાલ સુધી ગરમ અન ભેજવાળું વાતાવરણ રહેવાની આગાહી.

5) મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં આજે યુપી વૉરિયર્ઝ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે લખનઉમાં મેચ.

.....................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# REV PREZ CONFERENC WOMEN'S DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં 'નારીશક્તિથી વિકસિત ભારત' વિષય પર યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાના પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સુશ્રી મુર્મૂએ તમામ મહિલાઓને મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું, "સ્વાવલંબી, સ્વાભિમાની, સ્વતંત્ર અને સશક્ત મહિલાઓના આધારે જ વિકસિત ભારતનું નિર્માણ થઈ શકશે."

સુશ્રી મુર્મૂએ મહિલાઓને આગળ વધવામાં યોગ્ય વાતાવરણ પૂરું પાડવા સમાજને અનુરોધ કર્યો હતો. દરમિયાન સુશ્રી મુર્મૂએ પોતાની સંઘર્ષગાથા પણ રજૂ કરી હતી.

## (બાઈટઃ દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)

ઉલ્લેખનીય છે કે, આ પરિષદ પછી ઉચ્ચ સ્તરની પૅનલ ચર્ચા અને ત્રણ ટૅક્નિક સત્ર યોજાશે, જેમાં મહિલા અને બાળવિકાસ રાજ્યમંત્રી અન્નપૂર્ણા દેવી પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . .

# PM NAVSARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આજે ભારત મહિલાઓની આગેવાની હેઠળનાં વિકાસનાં માર્ગે ચાલી રહ્યું છે અને મહિલાઓનું સન્માન વિકાસની પહેલી સીડી છે. તેમણે જણાવ્યું કે, આજે સરકાર મહિલા સન્માનને પ્રાથમિકતા આપી રહી છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસીમાં આયોજિત લખપતિ દીદી સંમેલનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, 2014 બાદ દેશનાં મોટાં ભાગનાં ઊંચાં હોદ્દાઓ પર મહિલાઓ બિરાજમાન છે.

અગાઉ પ્રધાનમંત્રીએ લખપતિ દીદી યોજનાનાં 10 લાભાર્થી સાથે સંવાદ કર્યો.

પ્રધાનમંત્રીએ આ સંમેલનમાં 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. શ્રી મોદીએ પાંચ લખપતિ દીદીઓને લખપતિ દીદી પ્રમાણપત્ર એનાયત કરીને સન્માનિત કરી હતી. કાર્યક્રમમાં આશરે એક લાખ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જી-સફલ એટલે કે આજિવીકા વધારવા માટે અંત્યોદય પરિવારો માટે ગુજરાત યોજના અને અને જી-મૈત્રી એટલે કે ગ્રામીણ આવકમાં પરિવર્તન માટે ગુજરાત મેન્ટોરશિપનો શુભારંભ કરાવ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# PM MAURITIUS VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 11 અને 12 માર્ચ 2 દિવસ મોરિશિયસના પ્રવાસે જશે. તેઓ આ ટાપુ દેશના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ભારતીય સંરક્ષણ દળોની એક ટુકડી પણ ભારતીય નૌકાદળના જહાજ સાથે આ ઉજવણીમાં ભાગ લેશે.

શ્રી મોદી મોરેશિયસના રાષ્ટ્રપ્રમુખ, પ્રધાનમંત્રી અને વરિષ્ઠ મહાનુભાવો તથા રાજકીય પક્ષોના નેતાઓ સાથે મુલાકાત કરશે. તેમ જ ભારતીય મૂળના લોકો સાથે પણ સંવાદ કરશે. શ્રી મોદી ભારતની અનુદાન સહાયથી બનાવાયેલા સિવિલ સર્વિસ કૉલેજ અને આરોગ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન કરશે. મુલાકાત દરમિયાન અનેક કરારનું આદાન-પ્રદાન કરાશે.

. . . . . . . . . . . . . . . .

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસની ગુજરાતના પ્રવાસે છે. શ્રી શાહ આજે બપોરે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. ત્યારબાદ તેઓ ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલી સુગર ફેક્ટરીમાં કોડીનાર અને તાલાળા સુગર મિલોનું પુનરુત્થાન અને આધુનિકીકરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શ્રી શાહ જુનાગઢમાં બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.

શ્રી શાહ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ અમદાવાદમાં જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજની 150મી જન્મજયંતિ નિમિત્તે સ્મારક સિક્કાનું, સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી વર્ષ 2024-25ના પુનઃમુદ્રિત થઈ રહેલા 24 પુસ્તકોનું વિમોચન કરશે.

આ ઉપરાંત શ્રી શાહ એ.ડી.સી. બૅન્કની સ્થાપનાના 100 વર્ષની ઉજવણી નિમિત્તે યોજાનારા સ્વર્ણિમ્ શતાબ્દી મહોત્સવના સમાપન સમારોહમાં, બાર કાઉન્સિલ ઑફ ગુજરાત દ્વારા યોજાનારા નવા નોંધાયેલા વકીલોના શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાથે જ શ્રી શાહ ગાંધીનગરમાં એસ.એ.જી. દ્વારા નિર્માણ પામનારા પેરા-હાઈપર્ફોર્મન્સ સૅન્ટરના ભૂમિપૂજન અને ડિજિટલ સેવા પૉર્ટલના લૉન્ચિંગ કાર્યક્રમમાં જોડાશે. શ્રી શાહ શાશ્વત મિથિલા ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ભવનના લોકાર્પણ અને કવિ કોકિલ વિદ્યાપતિની મૂર્તિના અનાવરણ પ્રસંગમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . .

# RAHUL GANDHI GUJ

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી 2 દિવસના ગુજરાતના પ્રવાસે છે. શ્રી ગાંધીએ આજે અમદાવાદમાં એસ. જી. હાઈ-વે પર આવેલા રાજપથ ક્લબ ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો. દરમિયાન તેમણે તાલુકાથી લઈ જિલ્લા અને શહેર-નગરપાલિકા, પ્રદેશ હોદ્દેદારો સહિતના કાર્યકર્તાઓ સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી.

શ્રી ગાંધીએ કહ્યું, તેઓ માત્ર કોંગ્રેસ માટે નહી, પણ યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને નાના વેપારીઓ માટે ગુજરાત આવ્યા છે. ગુજરાતે દેશને રસ્તો બતાવ્યો છે, કોંગ્રેસના સૌથી મોટા બે નેતા ગુજરાતમાંથી મળ્યા હોવાનું શ્રી ગાંધીએ ઉમેર્યું હતું. તેમણે કોંગ્રેસના કાર્યકર્તાઓને લોકો વચ્ચે જઈ તેમનો અવાજ સાંભળવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PREZ PM WOMENS DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ આજે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલાઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં સુશ્રી મુર્મૂએ આ દિવસને આ મહિલાઓની સિદ્ધિઓ અને યોગદાનને યાદ કરવાનો દિવસ ગણાવ્યો. તેમણે કહ્યું, દેશની બહેન-દીકરીઓ વિવિધ ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી રહી છે. તેમ જ સરકારે મહિલાઓના અધિકાર, સમાનતા અને સશક્તિકરણ માટે યોગ્ય પ્રયાસ કર્યા છે.

જ્યારે ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, મહિલાઓ સમાજની કરોડરજ્જૂ છે, જે પોતાના સમર્પણ અને નેતૃત્વથી પરિવર્તન લાવે છે. તેમણે કહ્યું, ખરેખર સશક્ત સમાજ એ છે, જ્યાં મહિલાઓ, વિકાસ અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સૌથી આગળ હોય. મહિલાઓ સતત વિકાસ, વિકસિત ભારત માટે મૂળભૂત આવશ્યકતા હોવાનું પણ શ્રી ધનખડે ઉમેર્યું હતું.

બીજી તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, સરકારે હંમેશા વિવિધ યોજનાઓ અને કાર્યક્રમના માધ્યમથી મહિલાઓને સશક્ત બનાવવાનું કામ કર્યું છે. શ્રી મોદીએ ઉમેર્યું, આજે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટનું સંચાલન વિવિધ ક્ષેત્રમાં વિવિધ સિદ્ધિઓ હાંસલ કરનારી મહિલાઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

-------------------------

# WOMEN COMMISSION

રાષ્ટ્રીય મહિલા પંચ આજે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દેશના નવ રાજ્યોમાં લગ્ન પૂર્વે સલાહ કેન્દ્ર 'તેરે મેરે સપને'ની શરૂઆત કરવા જઈ રહ્યું છે. આ કેન્દ્રનો ઉદ્દેશ યુવક યુવતીઓને લગ્ન પહેલા માનસિક, શારીરિક અને ભાવનાત્મક રીતે તૈયાર કરવાનો છે, જેથી તેઓ લગ્ન પ્રત્યે પોતાના દ્રષ્ટિકોણને વધુ સારી રીતે સમજી શકે અને મજબૂત સંબંધોનો પાયો નાખી શકે.

રાષ્ટ્રીય મહિલા પંચ- N.C.W.નાં અધ્યક્ષ વિજયા રહાટકરે કહ્યું, "આ નવી પહેલની શરૂઆત નવ રાજ્યમાં 21 કેન્દ્ર સાથે થઈ રહી છે. સફળ લગ્ન માટે નવદંપતીએ આ સંબંધના તમામ પાસાઓને જાણવા આવશ્યક હોય છે. આ કેન્દ્રમાં યુવાઓને લગ્નજીવન સંબંધિત સલાહ અપાશે."

. . . . . . . . . . . . . . .

# JAISHANKAR-NORTHERN IRELAND

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઉત્તર આયર્લેન્ડના બેલફાસ્ટમાં ગઇકાલે ભારતીય વાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું, આ દૂતાવાસ વેપાર, ટેક્નોલૉજી, વ્યવસાય અને શિક્ષણમાં વધુ દ્વિપક્ષી સહયોગ વધારવા મદદ કરશે. શ્રી જયશંકર ઉત્તર આયર્લેન્ડના ડેપ્યુટી ફર્સ્ટ મિનિસ્ટર, એમ્મા લિટલ પેંગેલી અને જૂનિયર મિનિસ્ટર આઈસલિંગ રેલીને પણ મળ્યા હતા અને ભારતીય દૂતાવાસની સ્થાપનામાં સહયોગ બદલ તેમનો આભાર માન્યો હતો.

શ્રી જયશંકરે કૌશલ્ય, સાયબર, ટૅક, સર્જનાત્મક ઉદ્યોગો અને ઉત્પાદનમાં ઉત્તર આયર્લેન્ડ સાથે ભારતના જોડાણને વધુ ગાઢ બનાવવાની શક્યતાઓ પર ચર્ચા કરી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું, ગુજરાતના ગિફ્ટ સિટીમાં તેમનું આગામી કેમ્પસ શિક્ષણમાં ભારત-યુકે સંબંધોની સંભાવનાનું ઉદાહરણ છે.

. . . . . . . . . . . . . . .

# PAK-AFGHAN REPATRIATION

પાકિસ્તાને ACC એટલે કે અફઘાન નાગરિક કાર્ડ ધરાવતા લોકોને 31 માર્ચ સુધી સ્વેચ્છાએ દેશ છોડવા જણાવ્યું છે. માધ્યમોના અહેવાલ મુજબ, એક સત્તાવાર દસ્તાવેજમાં જણાવાયું છે, આ પગલું અફઘાનથી સ્થળાંતર કરનારાઓને લક્ષ્ય બનાવતી બહુ-તબક્કાની સ્થળાંતર વ્યૂહરચનાનો એક ભાગ છે, જેમાં ઇસ્લામાબાદ અને રાવલપિંડીમાં રહેતા અને ત્રીજા દેશમાં પુનઃર્વસનની રાહ જોતા લોકોનો સમાવેશ થાય છે. દસ્તાવેજ મુજબ, પહેલી એપ્રિલથી ACC ધારકોનો દેશ નિકાલ શરૂ થશે.

આ નિર્ણય આતંકવાદના મુદ્દા પર પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે બગડતા સંબંધો વચ્ચે આવ્યો છે. આ યોજના અફઘાન નાગરિક કાર્ડ ધરાવતા આઠ લાખથી વધુ દસ્તાવેજીકૃત અફઘાન શરણાર્થીઓ અને અસંખ્ય બિન દસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓને અસર કરે તેવી શક્યતા છે.

.

. . . . . . . . . . . . . . .

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે કોંકણ, ગોઆ, કેરળ, માહે, આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તાર, કર્ણાટક અને યમનમાં વિવિધ સ્થળ પર ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની આગાહી કરી છે. જ્યારે ગુજરાત, કેરળ અને માહેમાં આવતીકાલ સુધી આ સ્થિતિ યથાવત્ રહેશે. વિભાગે જણાવ્યું, અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને સિક્કિમના કેટલાક ભાગમાં આજે ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે.

. . . . . . . . . . . . . . .

# WPL TODAY MATCH

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગ- WPLની 18મી મૅચ આજે યુપી વૉરિયર્ઝ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે રમાશે. ઉત્તરપ્રદેશના લખનઉના ભારતરત્ન શ્રી અટલબિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

આ પહેલા ગઈકાલે ગુજરાત જાયન્ટ્સે દિલ્હી કૅપિટલ્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો હતો. દિલ્હી કૅપિટલ્સે ગુજરાત જાયન્ટ્સને જીતવા 178 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ગુજરાત જાયન્ટ્સે 19 ઑવર ત્રણ બૉલમાં પાંચ વિકેટે આ લક્ષ્યાંક હાંસલ કરી વિજય મેળવ્યો હતો. દરમિયાન હરલીન દેઓલને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયાં હતાં.

. . . . . . . . . . . . . . . .

# ICC CHAMPIONS TROPHY-DUBAI

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ - ICC ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચ આવતીકાલે દુબઈમાં ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચે રમાશે. આ માટે બંને ટીમ તડામાર તૈયારીઓ કરી રહી છે. ભારત તાજેતરની મેચમાં ટોચનું સ્થાન ધરાવે છે.

ઓસ્ટ્રેલિયાને ચાર વિકેટથી હરાવીને ભારતે ફાઇનલમાં જગ્યા બનાવી છે. ગત સપ્તાહે રમાયેલી ગૃપ સ્ટેજ મેચમાં, ભારતે ન્યૂ ઝિલેન્ડ સામે 44 રનથી વિજય મેળવ્યો હતો. આ પહેલા બંને ટીમ મુંબઈમાં વર્ષ 2023ના ICC ક્રિકેટ વિશ્વકપની સેમિ-ફાઇનલમાં રમી હતી ત્યારે પણ ભારત 70 રનથી જીતી ગયું હતું.

જ્યારે ન્યૂ ઝિલેન્ડે છેલ્લે વર્ષ 2019માં માન્ચેસ્ટરમાં રમાયેલી ICC મેન્સ ક્રિકેટ વિશ્વકપની સેમિફાઇનલમાં ભારત સામે વિજય મેળવ્યો હતો.

. . . . . . . . . . . . . . .